सत्यमेव जयते

| | |
|---|---|
| GJJM090003022018 | કેસ દાખલ તા.: ૨૬/૧૦/૨૦૧૮<br>કેસ નોંધ્યા તા.: ૨૬/૧૦/૨૦૧૮<br>ઠરાવ જાહેર તા.: ૨૩/૦૩/૨૦૨૬<br>અવધિ: ૦૭ વર્ષ ૦૪ માસ ૨૮ દિવસ |

**<u>જોડીયાના મહેરબાન જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ,</u>**

**<u>મુ. જોડીયા</u>**

**ફોજદારી કેસ નં. ૨૨૨/૨૦૧૮**

આંક –

**ફરીયાદી......** શ્રી સરકાર,

**વિ રૂ ધ્ધ.**

**આરોપીઓ...** (૧) ભરતભાઇ ઉર્ફે ભનો નારણભાઇ ડાવેરા
ઉ.વ.૩૩, ધંધો–ખેતીકામ,
રહે. ફડસર ગામ, તા.જી.મોરબી

(૨) રવિરાજસિંહ ઉર્ફે રવી રમુભા જાડેજા
ઉ.વ.૨૪, ધંધો–ખેતીકામ,
રહે. પડાણા ગામ, રામજી મંદિર પાસે, તા.જોડીયા, જિ.જામનગર.

(૩) દેવજીભાઇ ઉર્ફે દેવો લાલજીભાઇ પરમાર
ઉ.વ.૨૬, ધંધો–છુટક મજુરી,
રહે. મોરબી રોડ, જુના જકાતનાકા પાસે, મફતીયાપરા, રાજકોટ.

(૪) નાગદાન પ્રભુદાન ઉર્ફે પ્રાણદાન ગઢવી **<u>(એબેટ)</u>**
ઉ.વ.૩૫, ધંધો–પ્રાઇવેટ નોકરી,
રહે. ૧૫, સન રેસીડેન્સી, શીવમ પાર્ટી પ્લોટ પાછળ,
સમાસાવલી રોડ, વડોદરા

---

**ગુનો:–** ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબ.

---

---

**ફરીયાદપક્ષ તરફે –** વિ.એ.પી.પી. શ્રી એન.કે.પરમાર

**બચાવપક્ષ તરફે –** આરોપી નંબર–૧ અને ૩ તરફે વિ.વ.શ્રી. વી.એસ.માનસાતા
આરોપી નંબર–૨ તરફે વિ.વ.શ્રી. જે.ડી.માંકડ

---

**–:: ઠ રા વ ::–**

(૧) **કેસની ટુંકમાં હકીકત**

હાલના કામે બનાવની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૩૧/૦૧/૨૦૧૮ ના કલાક ૦૪:૦૦ વાગ્યે પડાણા ગામની સીમ,ધુળકોટ જવાના રસ્તે, થોભણભાઈ પટેલના પડતર ખેતરમા હાલના કામના આરોપીઓ તથા ચાર્જશીટના કોલમ નંબર ૨ મા જણાવેલાઓએ પુર્વ આયોજીત ગુનાહીત કાવતરુ રચી, આરોપી નં. ૧ તથા ચાર્જશીટના કોલમ નંબર ૨ મા જણાવેલ આરોપી નં. ૧ વાળાએ સાથે મળી ભાગીદારીમા ભારતીય બનાવટનો વિદેશી દારૂ આ કામના મરણ ગયેલ આરોપી નં. ૪ વાળા મારફતે કોલમ નં. ૨ મા જણાવેલ આરોપી નં. ૪ અને ૫ વાળા પાસેથી મંગાવતા ટોરબસ ટ્રક નંબર પીબીદપએએચ–પ૨૨૬ મા અલગ અલગ બ્રાન્ડનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ જેમા મેકડોવેલ નંબર ૧ સુપીરીયર વ્હીસ્કી ઓરીઝનલ, હરીયાણા બનાવટની કાચની બોટલો નંગ ૪૫૬૦ કિમત રૂ.૧૮,૨૪,૦૦૦/– તથા પાર્ટી સ્પેશ્યલ ડીલકસ વ્હીસ્કી પંજાબ બનાવટની કાચની બોટલો નંગ ૧૪૪૦ કિમત રૂ. ૫,૭૬,૦૦૦/– તથા રોયલ જનરલ રીઝર્વ વ્હીસ્કી પંજાબ બનાવટની બોટલો નંગ ૩૦૦ કિમત રૂ. ૧,૨૦,૦૦૦/– મળી કુલ બોટલો નંગ ૬૩૦૦ કિમત રૂ. ૨૫,૨૦,૦૦૦/– નો ભરી મોકલતા નંબર ૨ મા જણાવેલ આરોપી નં. ૩ વાળો પોતાની ટ્રકમા ભરી લઈ આવી દારૂની હેરાફેરી કરી વેચાણ અર્થે પોતાના કબ્જામા રાખી એકબીજાને મદદગારી કરી કટીંગ કરતા રેઈડ દરમયાન ટ્રક તથા ટાટા ૪૦૭ માથી ઉપરોકત ઈગ્લીશ દારૂની બોટલ નંગ ૬૩૦૦ કિમત રૂ. ૨૫,૨૦,૦૦૦/– તથા ટોરસ ટ્રક નં. પીબી ૬૫ એ એચ પ૨૨૬ કિમત રૂ. ૧૦,૦૦,૦૦૦/– તથા ટાટા ૪૦૭ નંબર જી.જે.૧૩. યુ.

૮૨૧૮ કિમત રૂ. ૨,૦૦,૦૦૦/- તથા ટ્રકમાથી એમરોન કબરેન્ટ ટેલ ટયુબલર બેટરીઓ, ફાઈબરના હેન્ડલ ભરેલ બોકસ, મોબાઈલ ફોન, ટ્રકની આરસી બુક, પાનકાર્ડ ની નકલો વિગેરે મળી કુલ રૂ.૪૯,૧૩,૬૬૦/- ના મુદામાલ સાથે પકડાઈ જઈ, ગુનો કર્યા બાબતની ફરીયાદ આ કામના ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલ અને તેથી આ કામના આરોપીઓ વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨) અન્વયેનો ગુનો દાખલ કરવામાં આવેલ. સદર ફરીયાદ અન્વયે તપાસ કરનાર અમલદારશ્રીએ પોતાની તપાસ દરમિયાન ગુનાવાળી જગ્યાએથી મુદ્દામાલ કબજે કર્યાનુ પં ચનામું કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, પોતાની તપાસનાં અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુના અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) <u>ન્યાયીક કાર્યવાહી</u>

આ કામનાં આરોપીઓને આ અદાલત ધ્વારા સમન્સ ઈશ્યુ થતા, આરોપી હાજર થતાં આરોપીને બચાવ માટે સી.આર.પી.સી. કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. અમારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આરોપી નંબર-૪ મરણ ગયેલ હોય તેની સામેનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપી નંબર-૧ થી ૩ વિરૂદ્ધ આંક-૧૯ થી તહોમતનામું ફરમાવી, આરોપીઓની પ્લી આંક- ૨૦ થી ૨૨ સુધી નોંધવામાં આવતા, આરોપીએ પોતાની સામેના આક્ષેપાયેલ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ હતો. ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા આરોપી સામે રજુ કરવામાં આવેલ પુરાવો પુરો થયા બાદ આરોપીનું સી.આર.પી.સી. કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ. ત્યારબાદ આ કામે દલીલો સાંભળવામાં આવેલી.

(૩) ઉપરોકત હકીકતે આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુદ્દાઓ ::-</u>**

**મુદ્દા નં.૧** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તારીખ ૩૧/૦૧/૨૦૧૮ ના કલાક ૦૪:૦૦ વાગ્યે પડાણા ગામની સીમ, ધુળકોટ જવાના રસ્તે, થોભણભાઈ પટેલના પડતર ખેતરમા હાલના કામના આરોપીઓ તથા ચાર્જશીટના કોલમ નંબર ૨ મા જણાવેલાઓએ પુર્વ આયોજીત ગુનાહીત કાવતરુ રચી, આરોપી નં. ૧ તથા ચાર્જશીટના કોલમ નંબર ૨ મા જણાવેલ આરોપી નં. ૧ વાળાએ સાથે મળી ભાગીદારીમા ભારતીય બનાવટનો વિદેશી દારૂ આ કામના મરણ ગયેલ આરોપી નં. ૪ વાળા મારફતે કોલમ નં. ૨ મા જણાવેલ આરોપી નં. ૪ અને ૫ વાળા પાસેથી મંગાવતા ટોરબસ ટ્રક નંબર પીબીકપએએચ-પરરક મા અલગ અલગ બ્રાન્ડનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ જેમા મેકડોવેલ નંબર ૧ સુપીરીયર વ્હીસ્કી ઓરીઝનલ, હરીયાણા બનાવટની કાચની બોટલો નંગ ૪૫૬૦ કિમત રૂ.૧૮,૨૪,૦૦૦/- તથા પાર્ટી સ્પેશ્યલ ડીલકસ વ્હીસ્કી પંજાબ બનાવટની કાચની બોટલો નંગ ૧૪૪૦ કિમત રૂ. ૫,૭૬,૦૦૦/- તથા રોયલ જનરલ રીઝર્વ વ્હીસ્કી પંજાબ બનાવટની બોટલો નંગ ૩૦૦ કિમત રૂ. ૧,૨૦,૦૦૦/- મળી કુલ બોટલો નંગ ૬૩૦૦ કિમત રૂ. ૨૫,૨૦,૦૦૦/- નો ભરી મોકલતા નંબર ૨ મા જણાવેલ આરોપી નં. ૩ વાળો પોતાની ટ્રકમા ભરી લઈ આવી દારૂની હેરાફેરી કરી વેચાણ અર્થે પોતાના કબ્જામા રાખી એકબીજાને મદદગારી કરી કટીંગ કરતા રેઈડ દરમયાન ટ્રક તથા ટાટા ૪૦૭ માથી ઉપરોકત ઈગ્લીશ દારૂની બોટલ નંગ ૬૩૦૦ કિમત રૂ. ૨૫,૨૦,૦૦૦/- તથા ટોરસ ટ્રક નં. પીબી ૬૫ એ એચ પરરક કિમત રૂ. ૧૦,૦૦,૦૦૦/- તથા ટાટા ૪૦૭ નંબર જી.જે.૧૩. યુ. ૮૨૧૮ કિમત રૂ. ૨,૦૦,૦૦૦/- તથા ટ્રકમાથી એમરોન કબરેન્ટ ટેલ ટ્યુબલર બેટરીઓ, ફાઈબરના હેન્ડલ ભરેલ બોકસ, મોબાઈલ ફોન, ટ્રકની આરસી બુક, પાનકાર્ડ ની નકલો વિગેરે મળી કુલ રૂ.૪૯,૧૩,૬૬૦/- ના મુદામાલ સાથે પકડાઈ જઈ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨) અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

**મુદ્દા નં. ૨** શું હુકમ?

(૪) ઉપરોકત મુદ્દાઓનાં મારા કારણો અને તારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. (૧) નકારમાં,

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.

(૫) **<u>મુદ્દા નં.:૧ ની ચર્ચા :</u>**

**(૫.૧)** આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં ફરીયાદી જયદેવસિંહ હમીરજી ઝાલાનાઓને આંક–૨૮ થી તપાસતા તેઓએ ફરીયાદ મુજબની હકીકત જણાવી આંક–૨૯ થી રજુ કરેલ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં સદર સાહેદે વાહન વેચાણના સમજુતીનું લખાણ, વાહન વેચનાર અને વાહન લેનાર બંન્નેના આઇ.ડી. પ્રુફની નકલ, આર.સી.બુકની નકલ, વીમા પોલીસીની નકલ તેઓએ કબ્જે કરેલ તે તપાસના કામે આપેલ જેને પુરાવામાં આંક–૩૦ થી ૩૩ સુધી રજુ રાખેલ છે તથા આરોપીઓને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે બચાવપક્ષની એ હકીકતને સમર્થન આપેલ છે કે, તેઓની મેઈન ઓફીસ જામનગરમા છે. જામનગરથી કલાક ૨૩:૦૦ વાગ્યે નીકળેલા, સામાન્ય રીતે તેઓને રેઈડ માટે કે ટ્રાફીક ડ્રાયવ માટે જવાનુ હોય તો તેઓની કચેરીમા જાણ કરવી પડે, આવી જાણ તેઓએ પોતાની કચેરીમા કરેલ હોય તેવો કોઈ આધાર ફરીયાદમા જણાવેલ નથી, કિટ સાથે લઈ ગયેલા તે હકીકત ફરીયાદમા જણાવેલ નથી. સદર સાહેદે ઉલટતપાસમાં આ સિવાયની પુછવામાં આવેલ હકિકતનો ઈન્કારમાં જવબ આપેલ છે.

**(૫.૨)** ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા પંચ સાહેદ હમીદ સબીરભાઇ કકલને આંક–૩૪ થી તથા પંચ સાહેદ અબ્બાસ સુમારભાઈ કકલને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે. જેઓએ આંક–૩૫ વાળા રેઈડ તથા બનાવવાળી સ્થાનિક જગ્યાના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદોએ રજુ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદો જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ તેમ છતાં તેમાં

પણ ઉપરોકત પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક જુબાની આપેલ નથી. આમ, પંચ સાહદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૫.૩) ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા પંચ સાહેદ હુશેનભાઇ કાસમભાઇ છેરને આંક–૪૬ થી થી તપાસવામાં આવેલ છે. જેઓએ આંક–૪૭ વાળા વાહન કબ્જે કર્યાના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદે રજુ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ આપેલ નથી.

(૫.૪) ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા પંચ સાહેદ જાવેદ હબીબભાઇ નોતીયારને આંક–૫૫ થી તથા પંચ સાહેદ રજાક ઇબ્રાહીમ નાંધીચાને આંક–૫૭ થી તપાસવામાં આવેલ છે. જેઓએ આંક–૫૬ વાળા વિશેષ પુરાવા મેળવવા અંગેના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદોએ રજુ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદો જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ તેમ છતાં તેમાં પણ ઉપરોકત પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક જુબાની આપેલ નથી. આમ, પંચ સાહદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

( ૫.૫ ) ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા આ કામના પોલીસ સાહેદ આંક–૫૯ થી હરેન્દ્રભાઇ રણજિતભાઇ જાડેજાને તથા આંક–૬૦ થી બશીરભાઇ ઇસ્માઇલભાઇ મલેકને તથા આંક–૭૦ થી ગજેન્દ્રસિંહ ભગવતસિંહ જાડેજાને તથા આંક–૭૧ થી શરદભાઇ દેવજીભાઇ પરમારને તથા આંક–૭૮ થી હરદિપભાઇ ભરતભાઇ ધાધલને તપાસતા તેઓએ નિવેદન મુજબની હકીકત જણાવી છે. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકિકત જણાવેલ છે કે તેઓ તે પહેલા ક્યારેય પડાણા ગામે ગયેલ નથી તથા સરતપાસમાં થોભણભાઇની વાડી દર્શાવેલ છે તે જગ્યાએ તેઓ ક્યારેય ગયેલ નથી. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં બચાવપક્ષની એ હકીકતોને સમર્થન આપેલ છે કે, તેઓએ ભાગનાર ઇસમો પાછળ તેઓનું સરકારી વાહન શા માટે પાછળ ન દોડાવેલ તે માટે કોઇ કારણ કે ખુલાસો તેઓના નિવેદનમાં કરેલ નથી, બાતમી મળેલ તે થોભણભાઇની વાડી પડાણાથી કઇ દિશામાં આવેલ છે તે

જણાવેલ નહી. વધુમાં તે સિવાયના બચાવપક્ષે પુછેલા પ્રશ્નોનો સદર સાહેદોએ ઈન્કાર કરતા જવાબો આપેલા છે.

**( ૫.૬ )** ત્યારબાદ ફરીયાદપક્ષ દ્રારા આ કામના તપાસ કરનાર અમલદાર વીરાભાઈ મુરૂભાઈ લગારીયાને આંક–૭૯ થી તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકતો જણાવેલ છે કે, તારીખ ૩૦/૦૧/૨૦૧૮ ના રોજ એલ.સી.બી.બ્રાન્ચ જામનગર ખાતે ફરજ બજાવતા હતા. તેઓની સાથે ફરજમા જયદેવસિહ હમીરજી ઝાલા તથા સાથેના પો.કો. ભગીરથસિહ અરવીંદસિહ સરવૈયા તેમજ શરદભાઈ તેમજ હરેન્દ્રસિહ જાડેજા તથા ગજેન્દ્રસિહ જાડેજા તથા હરદિપભાઈ ધાધલ વિગેરેનાઓ સાથે કલાક ૨૩:૦૦ થી ધ્રોલ જોડીયા પો.સ્ટે. વિસ્તારમા નાઈટ રાઉન્ડમા હતા તે દરમયાન ફરતા ફરતા ભાદરા પાટીયા પાસે પહોચતા હરેન્દ્રસિહ જાડેજા તથા સાથેના ભગીરથસિહ સરવૈયા તેમજ હરદિપભાઈ ધાધલ એમ ત્રણેયને સંયુકત રીતે ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે ફડસર ગામમા રહેતા ભરતભાઈ આહીર તેમજ પડાણા ગામના રવીરાજસિહ જાડેજા ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવી પડાણા ગામની સીમમા થોભણભાઈ પટેલના પડતર ખેતરમા દારૂના જથ્થાનો કટીંગ કરે છે. તેવી હકીકત મળતા તેઓને જાણ કરેલ અને તેઓએ કલાક ૨:૪૫ થી ૩:૦૦ વાગ્યાનુ પ્રાથમીક પંચનામુ કરેલ અને આ દરમયાન બે રાહદારી પંચો રોકેલ. જેમા હમીદ શબીરભાઈ કકલ તેમજ અબ્બાસ સુમારભાઈ કકલને બોલાવી બનાવવાળી જગ્યાએ કલાક ૪:૦૦ વાગ્યે પંચો સાથે રેઈડ કરતા સરકારી વાહનના લાઈટના પ્રકાશ પડતા ખેતરમા એક ટોરસ ટ્રક તેમજ ટાટા ૪૦૭ પડેલ હોય અને લાઈટનો પ્રકાશ પડતા ત્યા રહેલ ચાર ઈસમો અંધારાનો લાભ લઈને નાસવા લાગેલ અને તેઓની સાથેના પોલીસ સ્ટાફના માણસો ઉપરોકત પોલીસ સ્ટાફના માણસો પાછળ દોડેલ હતા. ત્યારબાદ સાથેના એ.એસ.આઈ. જયદેવસિહ હમીરજી ઝાલાએ વાત કરેલ કે નાશી જનારમા ભરત આહીર ફડસરવાળા તેમજ રવીરાજસિહ જાડેજા હોય જે નાશી ગયેલ. ત્યારબાદ પંચો સાથે પંચનામાની વિગતે ટોરસ ટ્રક જેના પાર્સીંગ નંબર પીબી–૬૫–એએચ–૫૨૨૬ જેમા ઈંગ્લીશ દારૂનો જથ્થો તેમજ ફાઈબરના હેન્ડલ તેમજ એમરોન ટયુબલ ઈન્વેટરની બેટરીઓ તેમજ ટાટા ૪૦૭ પડેલ હોય જેના રજી.નંબર જીજે–૧૩ –એયુ–૮૨૧૨ નંબરનો હોય તેમા પણ કટીંગનો દારૂ પડેલ હોય જેથી તેઓએ પંચનામાની

વિગતે મેકડોવલ નંબર ૧ બ્રાન્ડ જેની કુલ પેટી ૩૮૦ હોય જેમા એક પેટીમા ૧૨ બોટલ ૭૫૦ એમએલની હોય જેની કિમત રૂ. ૧૮,૨૪,૦૦૦/– તેમજ પાર્ટી સ્પેશ્યલ વ્હીસ્કી જે ૧૨૦ પેટી હોય જેમા પણ એક પેટીમા ૧૨ બોટલ ૭૫૦ એમએલની હોય જેની કિમત રૂ.૫,૭૬,૦૦૦/– તેમજ રોયલ વ્હીસ્કીની ૨૫ પેટી જેમા પણ દરેક બોટલ ૭૫૦ એમએલની ૧૨ બોટલ હોય જેની કિમત રૂ. ૧,૨૦,૦૦૦/– ગણી પંચનામની વિગતે કુલ ૫૨૫ પેટી બોટલો નંગ કુલ ૬૩૦૦ કિમત રૂ. ૨૫,૨૦,૦૦૦/– ગણી કબ્જે કરવામા આવેલ હતો. તેમજ એમરોન બેટરી તેમજ સફેદ કલરના બોકસમા રહેલ ફાઈબર હેન્ડલ તેમજ ટ્રક ટોરસ કિમત રૂ.૧ ૦,૦૦,૦૦૦/– તેમજ ટાટા ૪૦૭ ની કીમત રૂ.૨,૦૦,૦૦૦/– તેમજ એક સેમસંગ કં પનીનો મોબાઈલ જે–૨૦૦ મોડલનો કિમત રૂ. ૨૦૦૦/– આમ કુલ ૪૯,૧૩,૬૬૦/– મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરેલ હતો અને આ બનાવ અંગેની ફરીયાદ એ.એસ.આઈ. જયદેવસિહ હમીરજી ઝાલાએ તેઓના રૂબરૂની આપેલ હતી. જે ફરીયાદ આધારે પી.એસ.ઓ. જોડીયાનાઓને ગુનો રજીસ્ટર કરવા રીપોર્ટ આપેલ અને આગળની તપાસ તેઓએ જાતેથી સં ભાળી લીધેલ. તપાસના કામે આરોપીઓને અટક કરેલ, મુદામાલ કબ્જે કરેલ, મુદામાલ એફ.એસ.એલ.મા પરીક્ષણ અર્થે મોકલેલ, વાહન માલીક બાબતે તપાસ કરેલ બાદમા તેઓની બદલી જામનગર એલ.સી.બી.થી પેરોફલો સ્કોવડ જામનગર ખાતે થતા આ ગુનાની આગળની તપાસ પી.એસ.આઈ. કે.કે. ગોહીલનાઓને સોપી આપેલ. આરોપીને જોયેથી ઓળખે છે.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે એ હકિકત જણાવેલ છે કે તેઓ તે પહેલા ક્યારેય પડાણા ગામે ગયેલ નથી તથા સરતપાસમાં થોભણભાઈની વાડી દર્શાવેલ છે તે જગ્યાએ તેઓ ક્યારેય ગયેલ નથી. વધુમાં સદર સાહેદે ઉલટતપાસમાં બચાવપક્ષની એ હકીકતોને સમર્થન આપેલ છે કે, તેઓએ ભાગનાર ઈસમો પાછળ તેઓનું સરકારી વાહન શા માટે પાછળ ન દોડાવેલ તે માટે કોઈ કારણ કે ખુલાસો તેઓની તપાસ દરમ્યાન કરેલ નથી, સ્ટાફને જે બાતમી મળેલ તે થોભણભાઈની વાડી પડાણાથી કઈ દિશામાં આવેલ છે તે જણાવેલ નહી, તેઓએ ભરતભાઈ આહીર અને રવિરાજસિંહ જાડેજાની એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ કે બીજા સક્ષમ અધિકારીની રૂબરૂ તેની ઓળખ પરેડ કરાવેલ નથી. આ કામે થોભણભાઈની વાડીએ કહે છે તે જગ્યાના કોઈ રેવન્યુ આધાર તપાસ દરમ્યાન કબ્જે કરેલ

નથી. વધુમાં તે સિવાયના બચાવપક્ષે પુછેલા પ્રશ્નોનો સદર સાહેદોએ ઈન્કાર કરતા જવાબો આપેલા છે.

**( ૫.૭ )** ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા આ કામના સાહેદ ભુપતભાઇ કાળુભાઇ ડાભીને તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકતો જણાવેલ છે કે, તારીખ ૩૦/૦૧/૨૦૧૮ના રોજ પોતાની ફરજ પર હતા ત્યારે એલ.સી.બી. એ.એસ.આઇ. જયેન્દ્રસિંહ હમીરજી ઝાલાનાઓએ લેખીત રીપોર્ટ આપતા ગુનો દાખલ કરવા આપતા જોડીયા પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૧૦/૧૮ પ્રોહી. કલમ–૬૫ઇ,૮૧,૯૮(૨) મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ એલ.સી.બી. પી.એસ.આઇ. તરફ મોકલતા સ્ટે. ડાયરીમાં નોંધ કરી. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે હકીકતને સમર્થન આપેલ છે કે, ગુનો રજિસ્ટરે લીધા સિવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી.

**( ૫.૮ )** ત્યારબાદ ફરીયાદપક્ષ દ્વારા આ કામના તપાસ કરનાર અમલદાર કુમારપાલસિંહ કરણસિંહ ગોહીલને આંક–૮૭ થી તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકતો જણાવેલ છે કે, સદર ગુનાના કામે તારીખ ૨૩/૧૦/૨૦૧૭ ના રોજ પ્રોહી ગુના રજી. નંબર ૧૦/૧૮ ના કામે આરોપીઓ ભરત ઉર્ફે ભનો ડાવેરા રહે.ફડસર વાળા વિગેરે વાળાઓ વીરૂધ્ધ પ્રોહી કલમ ૬૬ઈ, ૮૧, ૮૩, ૯૮(૨) વિગેરે મુજબ આરોપીઓએ મુદામાલ ઈગ્લીશ દારૂ બોટલ ૬૩૦૦ કિ.રૂ. ૨૫૨૦૦૦૦/– ટાટા ટોરસ ટ્રક કિ. રૂ.૧૦૦૦૦૦૦/– ટાટા ૪૦૭ વાહન કિમત રૂ. ૨૦૦૦૦૦/– સફેદ ૧૮૫ બોકસ ફાઈબર હેન્ડલ જેની કીમત રૂ. ૨૮૫૦૦૦/– બેટરી નંગ ૬૦ કિ. રૂ. ૯૦૬૬૬૦/– સેમસંગ કંપનીનો મોબાઈલ વીગેરે સાથે કુલ કિમત રૂ. ૪૯,૧૩,૬૬૦/– નો મુદામાલ કબજે કરી તેઓની ફરજ દરમયાન આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો એકત્રીત કરી સદર ગુનાના કામે આરોપીઓ પકડાઈ જતા ચાર્જશીટ તારીખ ૩૧/૦૧/૧૮ ના રોજ ચાર્જશીટ કરી આરોપીઓને ધોરણસર અટક કરી નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલા. સદર ગુનાના કામે લાગતા વળગતા સાહેદો તથા સરકારી કર્મચારીઓએ સદર ગુનાના કામે કરેલ કામગીરી અને નીવેદનો નોંધી લઈ ગુનાના કામે લગતા પંચનામાઓ કરી મુદામાલ કબજે કરી તેમની પાવતીઓ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરી આરોપી વિરૂધ્ધ ગુના લાયક પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ છે. સદર ગુનાના કામે અમોએ લાગતા

વળગતા સાહેદોના નીવેદનો નોંધાયેલા છે તેઓએ નોંધાવ્યા મુજબના નીવેદનો નોંધેલ છે. પંચનામામા રૂબરૂ તરીકે તેઓની તથા વીશેષ પંચનામામા સાથી કર્મચારીઓની સહીઓ ઓળખી બતાવે છે. આરોપીઓને ધોરણસર તેઓએ અટક કરેલ હોય તે પૈકી હાજર હોય તો ઓળખી શકે. મુદ્દામાલ પાવતિ મુજબ સમગ્ર મુદ્દામાલ ઓળખી શકે.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સદર સાહેદે તમામ હકિકતોના ઈન્કાર કરતા જવાબો આપેલા છે.

(૬) આમ, સબબ કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદપક્ષના કેસમાં અનેક ક્ષતિઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. સદર કામે પ્રોહી મુદ્દામાલ આરોપીઓ પાસેથી જ મળી આવેલ છે કે કેમ, અને તે પ્રોહી મુદ્દામાલ કોની માલિકીનું છે અને તેનો ભોગવટેદાર કોણ છે તેવી કોઈ હકીકત અંગે ફરીયાદપક્ષે કોઈ પુરાવો આપેલ નથી. આ કામે આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથઈ મુદ્દામાલ મળી આવેલ નથી. રેઈડ દરમ્યાન આરોપી મળી આવેલ નથી. જેથી તે મુદ્દામાલ આરોપીનો જ હતો તે અંગે શંકા ઉભી થાય છે. ગુનાવાળી જગ્યા આસપાસના સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. પંચ સાહેદો ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા ન હોય, તેઓને ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે.

***નામદાર ગુજરાત વડી અદાલત, માનસીગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત કેસ, સને–૨૦૧૨(૦)જી.એલ.એચ.ઈ.એલ.–એચ.સી. –૨૨૭૬૯૮.***

*'' જો પંચો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી પંચનામાં મુજબ રીકવર કરેલ મુદ્દામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતું હોય તેમજ ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવા માટે સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો પુરાવો વિરોધાભાસ જણાતો હોય, આરોપીને શંકાનો લાભ આપી શકાય.''*

ઉપરોકત ચુકાદાઓ હાલના કેસમાં બંધબેસતા લાગુ પડે છે. જો પંચસાહેદો ફરીયાદપક્ષની હકીકતને સમર્થન ન આપે ત્યારે મુદામાલ રીકવર કર્યા અંગેનું પંચનામુ સાબિત થયેલ માની શકાય નહી જેથી આરોપીપક્ષને તે બાબતનો લાભ આપવો જોઈએ. વધુમાં ફરીયાદપક્ષના સાહેદો પણ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય જેથી વિરોધાભાષ જણાય છે. આમ, સાહેદોની જુબાનીમાં સત્યતા જણાઈ આવતી નથી. આ કામે ફક્ત પોલીસ સાહેદોને તપાસવામાં આવેલ છે જે ફરીયાદી તથા તપાસ કરનાર અમલદારના સાથી કર્મચારી છે જે તેઓને સમર્થનકારી જુબાની આપે તે સ્વાભાવિક છે. વધુમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા પંચોની રૂબરૂમાં પંચનામું કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે જયારે પંચો ફરી ગયેલ સાહેદ જાહેર થયેલ છે અને વધુમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા ગુન્હાવાળી જગ્યાએ માણસોની સતત અવર જવર રહેતી હોવા છતાં, ગુનાવાળી જગ્યા આસપાસના સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. આમ, તપાસ કરનાર અમલદારની જુબાનીમાં ક્ષતિઓ જણાઈ આવે છે. જેથી ફરીયાદપક્ષની ક્ષતિઓનો લાભ આરોપીપક્ષને આપવો જોઈએ તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે તથા આ કામે ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર પોલીસ સાહેદ હોય, તટસ્થ અને નિષ્પક્ષ તપાસ થયેલ છે કે કેમ તે બાબતે પણ શંકા ઉપસ્થિત થાય છે.

(૭) આમ, જયારે ફરીયાદપક્ષનો એવો કેસ છે કે આ કામના આરોપીઓએ પોતાના કબ્જામા વગર પાસ પરમીટે રાજસ્થાની દેશી તથા ભારતીય બનાવટનો વિદેશી દારૂ, વેચાણ અર્થે, પોતાના કબ્જા હેઠળ રાખી, પકડાઈ જઈ, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે તેવા સંજોગોમાં અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. જે બોજાનું વહન કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ સદર કામના આરોપીઓએ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે તે હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિ:ષ્ફળ નિવડેલ હોય, તે તહોમત મુજબનો ગુનો હાલના કામના આરોપીઓએ જ કરેલ હોય તેવું માની

શકાય નહી, તેથી ઉપરોકત મુદદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદા નં.૨ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

**૧.** આ કામના આરોપી નંબર– (૧) ભરતભાઇ ઉર્ફે ભનો નારણભાઇ ડાવેરા, રહે. ફડસર ગામ, તા.જી.મોરબી તથા (૨) રવિરાજસિંહ ઉર્ફે રવી રમુભા જાડેજા,રહે. પડાણા ગામ, રામજી મંદિર પાસે, તા.જોડીયા, જિ.જામનગર અને (૩) દેવજીભાઇ ઉર્ફે દેવો લાલજીભાઇ પરમાર, રહે. મોરબી રોડ, જુના જકાતનાકા પાસે, મફતીયાપરા, રાજકોટવાળાનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી, નિર્દોશ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીએ અગાઉ જામીન આપેલ છે તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

**૩.** પ્રોહી મુદામાલનો અપીલ સમય વિત્યે નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા તે સિવાયના મુદ્ધામાલ અંગે જો અગાઉ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો યથાવત રાખવામાં આવે છે અન્યથા માલીકી અંગેની ખરાઇ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૨૩મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા
તારીખ: ૨૩/૦૩/૨૦૨૬

**(કું. એમ.એચ.મકવાણા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જોડીયા, જી.જામનગર
GJ01523

બી.કે.બળદા(ગુજ.સ્ટેનો)